**पुनना International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| ANNUAL EXAMINATION 2020-21 | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name | | | | | |
| Date | | Grade | VI | Roll No. | |
| Subject | Gujarati | Marks | 80 | Teacher's Sign | |

## SECTION – A

પ્રશ્ન 1 ( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો **[ 10 MARKS ]**

1) હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો
1 ) આપણા સૌ માટે ચિંતાનુ કારણ ક્યુ છે ?
2) ક્યા પ્રસંગોએ રાતે મોડે સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?
3) શું કરવું શિષ્ટાચારની વિરુધ્ધ છે ?
4) અવાજનું પ્રદુષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્રશ્ન 1 ( બ ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો **[ 10 MARKS ]**

પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, નથી મારે હીરલો થાવું રે,
હીરો બની મારે પેટીપટારે રૂંધી ન મરવું તેજ ;
પ્રભુ મને તેજ ન દેજે રે, પ્રભુ! મને પથ્થર ઘડજે રે,
પથ્થર ઘડજે ને ક્યાંય પટકજે નદી સરોવર તીર ;
મને સૌ પીડતુ છોને રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
હીરો બની કોઇ એક જ નર કે નારીનો થાઉં દાસ ;
પથ્થર થઇ પૃથ્વીની સેવા રે, કરી મારે લ્હાવ જ લેવા રે.
તેજ હીરામાં ને ઝેર હ્યદયમાં ગમતું મને ના એમ;
પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, ઘડી મન ફાવે ત્યાં ધરજે રે.
પથ્થરને આપે પ્રભુ પદ લોકો હીરલે જડતા અંગ;
એમાથી તું ઉગારી લેજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
પ્રભુપદ કોઇને દેજે રે મને તો તુ પથ્થર ઘડજે રે;
કહ્યું દેવ ! આટલું કરજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.

પ્રશ્નો : 1) કવિ શું બનવાની ઇચ્છા ધરાવે છે ?
2) કવિ હીરો બનવાની શા માટે ના પાડે છે ?
3) કવિ પૃથ્વીની સેવા કેવી રીતે કરવા માગે છે ?
4) કવિ પોતાને શામાથી ઉગારી લેવા પ્રભુને વિનવે છે ?
5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

## [WRITING SECTION ]

પ્રશ્ન 2 ( અ ) નીચેના વિશે નિબંધ લખો. [ કોઈપણ એક ] [ 10 MARKS ]

1) મારું શહેર 2) મારો શોખ

પ્રશ્ન 2 ( બ ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો. [ 10 MARKS ]

એક જંગલ - સિંહનો ત્રાસ - દરરોજ પશુઓની હત્યા - પશુઓની સિંહને વિનંતી - દરરોજ એક પશુ મોકલવાનો નિર્ણય - સસલાનો વારો - સસલાનું સિહ પાસે મોડા પહોચવું - સિંહનુ ગુસ્સે થવું - સસલાનું સિંહને કૂવા પાસે લઈ જવું - કૂવામાં સિંહને પોતાનો પડછાયો દેખાવો - સિંહનુ કૂવામાં કૂદિ પડવું - સસલાનું બચી જવું - બોધ.

## [GRAMMAR SECTION]

પ્રશ્ન 3 ( અ ) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

1) ગાવડી 2) જડી 3) આઘે
4) ગોતવું 5) મદદ

પ્રશ્ન 3 ( બ ) નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

1) ગરીબ 2) પુણ્ય 3) ધ્યાન
4) પાસે 5) જન્મ

પ્રશ્ન 3 ( ક ) નીચેના શબ્દોનો વાક્યોમાં પ્રયોગ કરો. [ 5 MARKS ]

1) ટપાલી 2) મોબાઇલ 3) પેન્સિલ
4) ઝાડ 5) ઝવેરાત

પ્રશ્ન 3 ( ડ ) શબ્દજોડ બનાવો. ( Ex. કુતરો - કુતરી ) [ 5 MARKS ]

1) કાગડો – 2) મોર –
3) પોપટ – 4) ચકલો –
5) સસલો –

## [LITERATURE SECTION ]

પ્રશ્ન 4 ( અ ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં લખો. [ 8 MARKS ]

1) અશોકભાઇ બાળકોને કેવી રીતે શીખવે છે?
2) દિવાળીમાં શું ખાઇને મોજ કરવાની છે?
3) કવિ આભલાની ચૂંદડી કોને કહે છે?
4) બીરબલના મતે મૂર્ખાઓને શી રીતે ઓળખી શકાય?
5) બાદશાહે બીરબલને ક્યું કામ સોપ્યું?
6) ફકીરે પોતાની કઇ ટેવને આધારે ઊંટનું વર્ણન કર્યું?
7) દાદાજીએ નરેન્દ્રને કોનો ડર બતાવ્યો?
8) ઝાડની ડાળી પર બેસીને વાદળીએ શું કર્યુ?

પ્રશ્ન 4 ( બ ) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો. ( કોઈ પણ છ ) **[ 12 MARKS ]**

**1)** ઘોડેસવાર કઈ રીતે મૂરખ હતો?

**2)** કાદવમાં પડેલા માણસની શી મૂર્ખાઈ હતી?

**3)** બીરબલે કુલ કેટલા મૂરખ શોધ્યા? ક્યાં ક્યાં?

4) વેપારીની ધમકીનો ફકીરે શો જવાબ આપ્યો?

5) ઊંટ પર ઘઉં અને મધ હતાં – એવું અનુમાન ફકીરે ક્યા આધારે કર્યું હશે ?

6) છોડની તરસ છિપાવવા, પંખીટોળાએ શું કર્યુ?

7) નરેન્દ્ર કેળાની વાડીમાં શા માટે ગયો?